મળ્યા તારીખ	૦૧/૦૨/૨૦૧૯		
રજીસ્ટરે નોંધ્યા તા.	૦૧/૦૨/૨૦૧૯		
ફેસલ કર્યા તારીખ	૦૫/૦૬/૨૦૨૩		
સમય ગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૪	**૦૪**	**૦૪**

સુરેન્દ્રનગરના મહેરબાન પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–સુરેન્દ્રનગર.

સ્પેશ્યલ દિવાની દાવા નંબર–૨૬/૨૦૧૯

આંક –

(૧) **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,**
ધંધો:– બેંકીગ તેમજ નાણાં ધીરધાર,
હેડ ઓફીસ – મુંબઈ,
ઝોનલ ઓફીસ સુરેન્દ્રનગર.
શાખા–દેવળીયા, તા.લખતર,
જી–સુરેન્દ્રનગર વતી,
મેનેજર શ્રી રમેશકુમાર,
ધર્મે:– હિન્દુ, ઉ.વ.આ. ૩૩, ધંધો:– નોકરી,
રહે.સુરેન્દ્રનગર. **વાદી .....**

<u>**વિ રુ દ્ધ**</u>

ગુજરનાર છેલાભાઈ જેરામભાઈના વારસદારો,
(૧) **શાન્તુબેન છેલાભાઈ ઓળકીયા,**
ઉ.વ.આ. ૭૮, ધંધો:–ઘરકામ, ધર્મે:–હિન્દુ,
(૨) **બાબુભાઈ છેલાભાઈ ઓળકીયા,**
ઉ.વ.આ. ૪૭, ધંધો:– ખેતી, ધર્મે:–હિન્દુ,
(૩) **પ્રભુભાઈ છેલાભાઈ ઓળકીયા,**
ઉ.વ.આ. ૪૪, ધંધો:– ખેતી, ધર્મે:–હિન્દુ,
તમામ રહે. અણીયાળી, તા. લખતર જી.સુ.નગર **પ્રતિવાદીઓ......**

<u>બાબત</u>:– દાવો રૂા.૯,૬૯,૦૦૦/– પૈસા વસુલ મેળવવા અંગે.
સી.પી.સી. ઓર્ડર – ૭ , રૂલ–૨ તથા કલમ–૭,૯,૧૫૧ મુજબ

....

વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી. ડી.એમ.જોષી.
પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલ શ્રી. વાય.કે.કારેલીયા.

....

–// <u>ઠ રા વ</u> //–

૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે,વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ સને–૧૯૫૫ હેઠળ રચાયેલ બેંક છે. વાદી બેંકની ભારતમાં જુદા–જુદા શહેરોમાં શાખાઓ આવેલ છે અને તે પૈકી વાદી બેંકની એક શાખા ભારત દેશના ગુજરાત રાજયમાં સુ.નગર જીલ્લાના લખતર તાલુકાના ગામ દેવળીયા મુકામે આવેલ છે. વાદી બેંકનો મુખ્ય ધંધો નાણાં ધીરધાર અને બેંકીગને લગતો છે તેની હેડ ઓફીસ મુંબઈ મુકામે રઝીયોનલ ઓફીસ સુરેન્દ્રનગર મુકામે તથા તેની શાખા દેવળીયા મુકામે આવેલ છે. પરંતુ બેંકનુ મુળ નામ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર હતુ અને તે તેની શાખા હતી પરંતુ ભારત સરકારના સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર એકવીઝન ઓર્ડર–૨૦૦૮ અન્વયે ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા નોટીફીકેશન નંબર–જીએસઆર/૫૮૯/(ઈ) તારીખ : ૧૩/૦૮/૦૮ થી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની તમામ શાખાઓ વાદી બેંક સાથે જોડાઈ જતા હાલ વાદી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની શાખા થયેલ છે. આ દાવા અરજીમાં નીચે સહી કરનાર તે કાયદાની રૂએ બેન્કના ઓફીસર તરીકે સહી કરી દાવો દાખલ કરવા વીગેરે કાયદેસરનો અધિકાર ધરાવે છે અને આ દાવા અરજીમાં સહી કરનાર આ દાવાની તમામ વાદગ્રસ્ત હકીકતો અને દાવામાં રજૂ થયે તમામ દસ્તાવેજી પુરાવાઓથી સંપૂર્ણપણે વાકેફ અને માહીતગાર છે.

૧.૧) આ કામના ગુજરનાર પ્રતિવાદીઓ વાદી બેંકની દેવળીયા શાખામાં કાર્યક્ષેત્રમાં આવતા હોવાથી વાદી બેંકના વખતો વખતના નીતી નીયમો મુજબ પ્રતિવાદીઓએ વાદી બેંક પાસેથી તારીખ : ૦૧–૦૧–૨૦૧૫ ના રોજ પોતાની ખેતીની જમીન/મિલ્કત બેંકના તારણમાં આપી ધીરાણ મેળવેલ છે. જે બોજો ૧૨ વર્ષ સુધી અમલમાં રહે છે. પ્રતિવાદીએ આ મિલ્કત તારણ કન્ટીન્યુ રાખી ખેતી વિષયક (કે.સી.સી.)પાક ધીરાણની માંગણી કરતા વાદી બેન્ક તરફથી આ કામના પ્રતિવાદીને છેલ્લે ધીરાણ રકમ રૂા. ૪,૮૦,૦૦૦/– નું તારીખ : ૧૫/૧/૨૦૧૫ ના રોજ ૧૨% વ્યાજે આપવામાં આવે છે. આ કામના પ્રતિ.ને ધીરાણની વ્યાજ સહીતની રકમ સમય મર્યાદામાં પરત ચુકવવાની શરતે આપવામાં આવેલ છે. ધીરાણ લેતા સમયે પ્રતિવાદીઓએ બેંકની તરફેણમાં દસ્તાવેજો અને આનુસાંગીક કરારો વીગેરે જેવા કે હાઈપોથીકેશન ડીડ, વ્યવસ્થાપત્રક કરી આપી તેઓની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન વાદી બેંક જોગ ગીરો કરી આપેલ છે. પ્રતિવાદીએ લીધેલ લોનનો ખાતા નંબર–૩૦૨૫૩૭૮૪૪૭૦ છે. બેંક તરફથી પ્રતિવાદીનું લોન ખાતું કોમ્પ્યુટર એકાઉન્ટમાં નિભાવવામાં આવે છે.

૧.૨) આ કામના વાદી બેન્ક પાસેથી આ કામના પ્રતિવાદીએ ઉપાડેલ લોનની રકમ વ્યાજ સાથે વાદી બેન્કને સમય મર્યાદામાં પરત ભરપાઈ કરવાની હતી, પરંતુ આ કામના પ્રતિવાદીએ સદર લોનની વ્યાજ સહીતની રકમ ભરપાઈ કરેલ નથી અને બેન્કની બાકી રકમ ચુકવવામાં તેઓ નીષ્ફળ ગયેલ છે. ધીરાણ લેતા સમયે પ્રતિ. એ બેન્કની તરફેણમાં હાઈપોથીકેશન કરાર કરી આપી પોતાની સુરેન્દ્રનગર જીલ્લાના લખતર તાલુકાના અણીયાળી ગામે આવેલ ખેતીની જમીન સર્વે નં. – ૧૪૭,૨૦,૩૪૬,૪૯ કુલ ક્ષેત્રફળ હેકટર (૭–૦૫–૯૨)વાળી મિલ્કત બેંક પાસે તારણમાં મુકી બેંકનો બોજો નોંધાવેલ છે. વાદી બેન્કના તારીખ : ૩૧–૧૨–૨૦૧૮ સુધીની વ્યાજ સહીતની પાક ધીરાણની રકમ રૂા. ૯,૬૯,૦૦૦/– આ કામના

પ્રતિવાદી પાસે બાકી લેણી છે. તેમજ તારીખ : ૦૧–૦૧–૨૦૧૯ થી વ્યાજની રકમ પણ બાકી છે. વાદી બેંક તરફથી આ કામના પ્રતિવાદીને બાકી લેણી રકમ ભરપાઈ કરી આપવા માટે અવાર–નવાર મૌખિક તેમજ લેખીતમાં જાણ કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રતિવાદી બેન્કની લેણી રકમ વસુલ આપતા નહી હોવાથી બેન્ક તેમની પાસેથી કરાર અને કાયદા મુજબ ચડત ચક્રવૃધ્ધિ વ્યાજ તથા દંનીય વ્યાજ લેવા હકકદાર થયેલ છે. જેથી આવી રકમ વસુલ મેળવવા માટે આ દાવો કરવાની બેન્કને ફરજ પડેલ છે.

૧.૩) આ કામના ગુજરનાર પ્રતિવાદી તરફથી વાદી બેન્ક પાસેથી લોન લેતા સમયે જરૂરી તેવા તમામ દસ્તાવેજો બેંકની તરફેણમાં પોતાની ખેતીની જમીન તથા પાક બેંકની તરફેણમાં સાનગીરો કરાર કરી બેંક પાસે તારણમાં મુકી તેના પર બેંકનો બોજો નોંધાવેલ છે. બાદ પ્રતિવાદીનું લોન ખાતુ એન.પી.એ. થયેલ છે. આ કામના પ્રતિવાદીને તેઓનું લોન ખાતુ પહેલેથી જ અનીયમીત હોય જાણ કરવા છતાં આજદીન સુધી આ કામના પ્રતિવાદીએ બેન્કની બાકી રકમ વસુલ આપેલ નથી જેથી પ્રતિવાદી પાસેથી વાદી બેંકની કાયદેસરની બાકી રકમ વસુલ મેળવવા સારું હાલનો દાવો લાવેલ છે.

૧.૪) આ કામના પ્રતિવાદીને તેઓની બાકી રહેતી બેંકના વખતો વખતના નિયમો મુજબ વ્યાજ સહીતની તમામ રકમ ભરપાઈ કરી આપવા સારં વાદી બેંક દ્રારા વારંવાર જાણ કરેલ છે. લોનની એ પોતાની ખેતીની જમીન બેંકના તારણમાં આપી બોજો નોંધવા ધીરાણ મેળવેલ છે. પ્રતિવાદીની મિલ્કત પરનો બેંકનો બોજો ૧૨ વર્ષ સુધી અમલમાં રહે છે. વાદી બેંકનું પ્રતિવાદી પાસેનું લેણું નિયમીત (કન્ટીન્યુ) છે. આમ ઉપરોકત સંજોગોમાં વાદી બેંક તરફથી આ કામના પ્રતિ. સામે લાવવામાં આવેલ હાલનો દાવો લીમીટેશન એકટના આર્ટીકલ–૬૨ ની જોગવાઈઓ

મુજબ સમય મર્યાદા યાને મુદતમાં છે. આ દાવાનું કારણ આ કામના પ્રતિવાદીએ બેન્ક પાસેથી તારીખ : ૧૫–૦૧–૨૦૧૫ નાં રોજ લોન લીધેલ અને જરૂરી દસ્તાવેજો બેન્કની તરફેણમાં કરી આપેલ ત્યારે, તેમજ પ્રતિવાદીનું લોન ખાતું એન.પી.એ. થયેલ ત્યારે ઉત્પન્ન થયેલ છે. જેથી વાદીના દાવાનું કારણ નિયમીત (કન્ટીન્યુ) છે. દાવાનું કારણ હાલમાં પણ ચાલું જ છે.

૧.૫) આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ તે મર્હુમ છેલાભાઈ જેરામભાઈ ઓળકીયાના સીધીલીટીના વારસદારો છે અને તેઓની સ્થાવર જંગમ મિલ્કત વારસદારોના હકકની રૂએ તેઓને પ્રાપ્ત થયેલ છે. મર્હુમ તેઓના અવસાન સમયે મુકી ગયેલ તમામ જવાબદારીઓ પૂર્ણ કરવા માટે પણ કાયદા મુજબ તેઓના વારસદારોની જવાબદારી થાય છે. મર્હુમની મીલ્કતો વારસાઈ રૂએ રેવન્યુ રેકર્ડ પર પ્રતિ.ઓના નામે ચડેલ છે. લોન લીધા બાદ લોની અવસાન પામેલ છે. જેથી દીવાની કાયદાની જોગવાઈઓ મુજબ વાદી બેંકનું તમામ દેવુ પરત ભરપાઈ કરવા માટે વારસદારો સંપૂર્ણપણે જવાબદાર હોવાથી મર્હુમના વારસદારો તરીકે પ્ર તિ.ઓને જોડેલ છે. સમય મર્યાદાના કાયદાની જોગવાઈઓ અનુસાર બેંક પાસ ેથી લોન લેતા સમયે પોતાની મિલ્કત બેંકના તારણમાં મુકી મર્હુમે બોજો ઉભો કરેલ છે જે બોજો ૧૨ વર્ષ સુધી ચાલુ રહે છે જેથી પણ આ દાવો મર્હુમના વારસદારો સામે સમય મર્યાદામાં દાખલ કરેલ છે.

૧.૬) આ દાવામાં જણાવેલ લોનવાળો વ્યવહાર વાદી બેન્ક અને પ્રતિવાદી વચ્ચે દેવળીયા, તા–લખતર મધ્યે નામદાર કોર્ટની હકુમતમાં થયેલ હોય, તેમજ વાદી બેન્કની શાખા તથા પ્રતિવાદી નામદાર કોર્ટની હકુમતમાં આવેલ/રહેતા હોય, વાદીનો દાવો સાંભળવા નામદાર કોર્ટને હકુમત છે. વાદીનો કેસ પ્રાઈમાફેઈસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે. પ્રતિવાદી પાસેના બાકી

નાણાં તે જાહેર નાણાં છે/પબ્લીક મની છે અને આવી વસુલાત પ્રતિવાદી બેંકને ન આપે તો વાદીને ઈરીપેરેબલ લોસ જાય તેમ છે. વાદીનું પ્રતિ. પાસે કાયદેસરનું લેણુ છે. પ્રતિવાદી લોનની વ્યાજ સહીતની રકમ પરત ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી કાયદા અને કરાર તેમજ વાદી બેંકને લાગુ પડતા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના વખતો–વખતના નિયમો મુજબ વાદી બેંક પ્રતિ. પાસેથી લોનની રકમ ઉપર ૧૨% વ્યાજ તથા ૨% દંડનીય વ્યાજ, અન્ય ચાર્જ વસુલ મેળવવા માટે હકકદાર છે તેમજ પ્રતિવાદી વસુલ આપવા માટે જવાબદાર છે.

૧.૭) વાદીનો હાલનો દાવો આ કામના પ્રતિવાદી પાસેથી બાકી રકમ રૂા. ૯ ,૬૯,૦૦૦/– પૈસા વસુલ મેળવવા માટેનો હાલનો દાવો કરેલ છે. આ કામના પ્ર તિવાદીએ પોતાની સુ.નગર જીલ્લાના લખતર તાલુકાના અણીયાળી ગામે આવેલ ખેતીની જમીન સર્વે નં.–૧૪૭, ૨૦, ૩૪૬, ૪૯ કુલ ક્ષેત્રફળ હેકટર (૭–૦૫–૦૨) વાળી મિલ્કત બેન્કના તારણમાં આપેલ મિલ્કતનું વેચાણ કરી વાદી બેન્કની આ કામના પ્રતિવાદી પાસે લોન ધીરાણની તારીખ : ૩૧–૧ ૨–૨૦૧૯ સુધીની લેણી રકમ રૂા. ૯,૬૯,૦૦૦/– પૈસા તથા કન્ટીન્યુ ચડત વ્યાજ સહીતની તમામ રકમ વસુલાત થતા સુધી ૧૪% નાં ચડત તથા દંડનીય વ્યાજ સાથે આ કામના પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવું હુકમનામુ વાદી બેન્કના લાભમાં પ્રતિ. વિરુઘ્ધ કરી આપવા અરજ છે.

૨) વાદીના દાવાના સમન્સ પ્રતિવાદીને મોકલતા તે યોગ્ય રીતે બજી જવા પામેલ છે. આ કામે પ્રતિવાદીએ તેમના વકીલશ્રી મારફતે હાજર થઈને વાદીની દાવા અરજીનો વાંધા જવાબ આંક–૧૫ થી રજૂ કરેલ છે. સદર વાદીની દાવા અરજીમાં પેરા નં. ૧ થી પેરા નં. ૧૧ માં જણાવેલ સઘળી હકીકતો ખરી નથી અને કબુલ રાખતા નથી. દાવા અરજીના પેરા નં. ૧ માં જણાવેલી હકીકતો સાબીત કરવા

માટે વાદીએ કોઈ લેખીત આધાર પુરાવા દાવો દાખલ કરતી વખતે રજૂ કરેલ નથી. તેથી, સદરહું વાદી બેન્કનાં મેનેજરને દાવો દાખલ કરવાની તથા દાવામાં કેસની કાર્યવાહી આગળ ચલાવવા તથા કેસમાં જુબાની આપવાની વીજળી એકટમાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. તેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. આ કામમાં પ્રતિવાદીઓએ આ કામના વાદી બેક પાસેથી કોઈ લોનની રકમ લીધેલ નથી તેમજ વાદીએ જેટલા દ.પુ.લીસ્ટ સાથેનાં ડોકયુમેન્ટ રજૂ કરેલ છે. તે તમામ ડોકયુમેન્ટસમાં અગુઠો કોનો છે. તે વ્યકીતનું નામ પણ શુધ્ધા લખેલ નથી તેમજ અગુંઠો બાંધનાર વ્યકીતની સહી પણ લીધેલ નથી. સદરહું વાદી બેન્ક પ્રતિ.ઓ પાસેથી ૧૨% લેખે વ્યાજ વસુલ લેવા પણ હકકદાર નથી. કારણકે વાદી બેન્કે જેટલા ડોકયુમેન્ટસ રજૂ કરેલ છે. તે તમામ ડોકયુમેન્ટસ અમુક કોરા છે અને અમુક અધુરા લખેલા સ્પષ્ટ જણાય છે. આ કામના ગુજરનાર પ્રતિવાદી, વાદી બેન્કની દેવળીયા શાખાના કાર્યક્ષેત્રમાં આવતા હોવાથી વાદી બેન્કના વખતો–વખતના નીતી નીયમો મુજબ ગુજરનાર પ્રતિવાદીએ વાદી બેન્કના તારણમાં આપી ધીરાણ મેળવેલ નથી. જે બોજો ૧૨ વર્ષ સુધી અમલમાં રહે છે તે અંગેની કાયદાની જોગવાઈ અંગે કોઈ જ સ્પષ્ટતા દાવા અરજીમાં કરવામાં આવેલ નથી. કારણકે વાદી બેન્કે કયા કાયદાની જોગવાઈ અંગે કોઈ જ સ્પષ્ટતા દાવા અજીમાં કરવામાં આવેલ નથી. સદર હકીકત વાદીએ સાબીત કરવાની છે તેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. તેમજ પ્રતિવાદીઓના પિતાશ્રી છેલાભાઈ જેરામભાઈએ પ્રતિવાદીઓને કદી જાણ કરેલ નથી કે વાદી બેન્ક પાસેથી તારીખ : ૦૧/૦૧/૨૦૧૫ ના રોજ પોતાની ખેતીની જમીન મિલ્કત બેંકના તારણમાં આપી ધીરાણ મેળવેલ છે.પ્રતિવાદીઓના પિતાશ્રીના નામે કોઈ ખેતીની જમીન કે મિલ્કત આવેલી છે કે કેમ તે અજાણ હોવાથી પ્રતિવાદીઓને કોઈ જાત માહીતી નથી કારણકે સદરહું હકીકત અમો કાંઈ જાણતા નથી એટલે જ વાદી બેન્ક

ગુજરનાર પ્રતિવાદીઓના પિતાશ્રીના નામે માલીકી અંગેનો કોઈ જ દસ્તાવેજ લેખીત આધાર પુરાવા સાથે દાવામાં રજૂ કરેલ નથી તેથી વાદી બેન્કનો દાવો રદ થવાને પાત્ર છે પ્રતિવાદીએ આ મિલ્કતનું તારણ ચાલુ રાખી ખેતી વિષયક (કે.સી.સી.) પાક ધીરાણની માંગણી કરેલ નથી. વાદી બેંક તરફથી પ્રતિ.ને છેલ્લે ધીરાણની રકમ રૂા. ૪,૮૦,૦૦૦/– નું તારીખ : ૧૫/૦૧/૨૦૧૫ ના રોજ ૧૨ % વ્યાજે આપવામાં આવેલ હોવાની હકીકત કાંઈ જાણતા નથી આથી પ્રતિ. ને ધીરાણની વ્યાજ સહીતની રકમ સમયમર્યાદામાં પરત ચુકવવાની શરત કરેલ નથી. તેમજ ધીરાણ આપવામાં આવેલ નથી. ધીરાણ લીધેલ નથી. તેથી પ્રતિ. એ બેંકની તરફેણમાં હાઈપોથીકેશન ડીડ, વ્યવસ્થાપત્ર કરી આપેલ નથી તેમજ તેઓની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન વાદી બેન્ક જોગ ગીરો કરી આપેલ નથી. કારણકે રેકર્ડ પરના પ્રતિવાદીઓએ વાદી બેન્ક પાસેથી કોઈ લોનની રકમ લીધેલ નથી. તેમજ પ્રતિવાદી નં. ૩ નું નામ પણ કૃષિ વિષયક ધીરાણ માટે અરજી પત્રકમાં જણાવેલ પણ નથી. તેમજ કોઈ અમારે કોઈ ખેતી વિષયકની આવક પણ નથી. કૃષિ વિષયક ધિરાણ માટે અરજી પત્રકમાં જણાવેલ પણ નથી. તેમજ પ્રતિ.ઓને કોઈ ખેતી વિષયકની આવક પણ નથી કૃષિ વિષયક ધીરાણ માટેના અરજી પત્રક માર્ક–૩/૧ થી માર્ક–૩/૭ સુધીના તમામ ડોકયુમેન્ટસ વાદી બેન્કે તદન કોરા રજૂ કરેલ છે. સદરહું માર્ક ૩/૧ થી માર્ક ૩/૭ સુધીના ડોકયુમેન્ટમાં કોનો અગુંઠો મારેલ છે. તે અગુંઠો મારનાર વ્યકીતનું નામ પણ લખેલ નથી તેમજ અગુંઠો બાંધવામાં પણ આવ્યો નથી. તમામ ફોર્મમાં તારીખ, સ્થળ તેમજ બધા ખાના ખાલી રાખેલ છે. કોઈ ખાનામાં કાંઈ લખેલુ નથી. તેથી, વાદી બેન્કે તમામ કોરા ડોકયુમેન્ટસ કોર્ટમાં કોરા રજૂ કરેલા છે. બેંક તરફથી પ્રતિ.નું લોન ખાતું કોમ્પ્યુટર એકાઉન્ટમાં નિભાવવામાં આવેલ નથી. કોમ્પ્યુટર સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ પણ રજૂ કરેલ નથી. કારણકે વાદી બેન્કના તમામ ડોકયુમેન્ટસ કોરા

અને ઈંગ્લીશમાં ટાઈપ કરેલા છે. પરંતુ તદન કોરા ફોર્મ ડોકયુમેન્ટસ રજૂ કરેલા હોવાથી તેમાં ઈંગ્લીશ ટાઈપ કરેલા છે. પ્રતિવાદીઓની કોઈ સહીઓ કરેલી નથી. તેમજ ગુજરનાર છેલાભાઈ જેરામભાઈ પેઢી આંબો રોજકામ પણ રજૂ કરેલ નથી. તેથી, પ્રતિવાદીઓ ગુજરનાર છેલાભાઈ જેરામભાઈના વારસદારો છે કે કેમ? તે પણ વાદી બેંકે દાવા અરજીમાં કોઈ પેરાગ્રાફમાં પણ જણાવેલ નથી. તેમજ તલાટીશ્રી થ્રુ પેઢી આંબો રોજકામ પણ વાદી બેન્કે રજૂ કરેલ નથી. તેથી, સદરહું હકીકતો મોઘમ દર્શાવેલી છે તે હકીકતો ધ્યાને લઈને વાદીઓ દાવો ચાલી શકે તેમ નથી. તેથી, વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા નમ્ર અરજ છે. વાદી બેન્કે લીમીટેશન એકટની કલમ–૫ મુજબ કરવામાં એક વર્ષને બે મહીના મોડો દાવો દાખલ કરેલો છે. તેથી વાદી બેન્કને દાવો દાખલ હોવાથી રેકર્ડ પરથી ડોકયુમેન્ટસ જોતા લીમીટેશન એકટની કલમ–૫ મુજબ દાવો નિયત સમયમર્યાદાની મુદત બહાર દાવો દાખલ કરેલ છે. તે સાબીત થાય છે. તેથી વાદી બેંકનો દાવો રદ કરવાને પાત્ર છે. સદરહું વાદી બેન્કની દાવા અરજીના માં જણાવેલી સઘળી હકીકતો ખરી નથી તથા કબુલ નથી. આથી પ્રતિ.ઓ આ કામના વાદી બેન્ક પાસેથી પ્રતિ.એ લોનની રકમ ઉપાડેલ નથી અને વ્યાજ સાથે વાદી બેન્કને સમયમર્યાદામાં પરત ભરપાઈ કરવાની શરતનો કોઈ પ્રશ્ન જ રહેતા નથી. તેથી, આ કામનાં પ્રતિ.ઓ સદર લોનની વ્યાજ સહિતની રકમ ભરપાઈ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. તેથી, આ કામનાં પ્રતિ.ઓ સદર લોનની વ્યાજ સહીતની રકમ ભરપાઈ કરવાનો પ્રશ્ન રહેતા નથી અને બેન્કની બાકી રકમ ચુકવામાં તેઓ નીષ્ફળ ગયેલ હોવાની હકીકત ખરી નથી અને કબુલ નથી. ધીરાણ પ્રતિ.ઓના નામે લીધેલ નથી તેમજ કરારખતમાં પ્રતિ.ઓ નં. ૧ થી નં. ૩ નાંઓની સહીઓ કે અંગુઠો પણ કરેલો નથી.તેમજ સુરેન્દ્રનગર જીલ્લાનાં લખતર તાલુકાનાં અણીયાળી ગામે આવેલ નથી અને ખેતની જમીન સર્વે નં. ૧૪૭,૨૦,૩૪૬,૪૯ કુલ ક્ષેત્રફળ હેકટર (૭–૦૫–૯૨ વાળી મિલ્કત બેંક પાસે

તારણમાં મુકેલી નથી અને બેન્કનો બોજો પણ નોંધાવેલ નથી. કારણકે, વાદી બેન્કે કહેવાતી ખેતીની જમીન સર્વે નં. ૧૪૭,૨૦,૩૪૬,૪૮ કુલ ક્ષેત્રફળ હેકટર (૭–૦૫–૯૨) વાળી મિલ્કત અંગે વાદીઅ કોઈ આધાર પુરાવા લેખીતમાં દાવામાં દ.પુ.લીસ્ટ સાથે રજુ કરેલ નથી. તેમજ પ્રતિ.ઓના નામે કહેવાતી ખેતીની જમીન સર્વે નં.૧૪૭,૨૦,૩૪૬,૪૯ અમારા નામે છે કે કેમ તે અમો જાણતા નથી તેમજ વાદી બેન્કના તારીખ : ૩૧–૧૨–૨૦૧૮ સુધીની વ્યાજ સહીતની પાક ધીરાણ રકમ રૂા. ૯,૬૯,૦૦૦/– પ્રતિવાદીઓ પાસે બાકી લેણી જ નથી. તેમજ તા. ૧–૧–૨૦૧૯ થી વ્યાજની રકમ પણ બાકી રહેતી પણ નથી. કારણકે , પાક ધિરાણની રકમ રૂા. ૯,૬૯,૦૦૦/– પ્રતિ.ઓ પાસે બાકી લેણી જ નથી તારીખ : ૩૧–૧૨–૨૦૧૮ થી બાકી લેણી નીકળતી હોય તેવો પ્રતિવાદીઓના નામનો બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ વાદી બેન્કે દાવામાં રજૂ કરેલ નથી. તેથી ઉપરોકત હકીકતો ધ્યાને લેતા, વાદીનો દાવો ચાલવાને પાત્ર ન હોય, વાદીનો દાવો ન્યાયના હીતનો ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ છે. સદરહું વાદીની દાવા અરજીમાં જણાવેલી સઘળી હકીકતો ખરી નથી તથા કબુલ નથી. કારણકે સદર પ્રતિવાદીઓ નં.૧ થી ૩ નાં દાવા જવાબમાં તમામ જણાવેલી સઘળી હકીકતો ધ્યાને લેતાં વાદી બેન્કનો દાવો મુદત બહારનો હોવાના કારણસર વાદી બેન્ક પ્રતિ.ઓ પાસે થી સુરેન્દ્રનગર જીલ્લાના લખતર તાલુકાના અણીયાળી ગામે આવેલ ખેતીની જમીન સર્વે નં. ૧૪૭,૨૦,૩૪૬,૪૯ કુલ ક્ષેત્રફળ હેકટર ૭–૦૫–૯૨ વાળી મીલ્કત બેન્કનાં તારણમાં આવેલ મિલ્કતનું વેચાણ કરવા વાદી બેન્કની પ્રતિ.ઓ પાસે લોન ધીરાણની તારીખ : ૩૧/૧૨/૨૦૧૯ સુધીની લેણી રકમ રૂા. ૯ ,૬૯,૦૦૦/– તથા કન્ટીન્યુ ચડત વ્યાજ સહીતની તમામ રકમ વસુલ થતા સુધી ૧૪% નાં ચડત તથા દંડનીય વ્યાજ મેળવવા હકકદાર થતા નથી તેમજ પ્રતિવાદીની હરેક પ્રકારન જાત તથા મિલ્કતની વસુલ કરી શકાય તેવુ હુકમનામુ

વાદી બેન્કનાં લાભમાં પ્રતિવાદીઓ વીરૂધ્ધ મેળવવા હકકદાર થતા નથી તેથી વાદીનો દાવો મુદતનો સ્પષ્ટ બાધનાં કારણસર મેઈન્ટેનેબલ ન હોય, વાદીનો દાવો ખર્ચ સહીત ન્યાયના હીતમાં રદ કરવાનો હુકમ નમ્ર અરજ છે.

વાદી બેન્ક પ્રતિવાદીઓ અભણ હોવાથી અને પ્રતિવાદીઓના પિતાશ્રી ગુજરી ગયાને ચાર વર્ષ થઈ ગયા પછી સદરહું મલીન ઈરાદાથી આ દાવો કરેલ હોય દાવો મુદતના સ્પષ્ટ બાધના કારણસર ચાલી શકે તેમ ન હોય પ્રતિ. ઓને વાદી બેન્ક પાસેથી ન્યાયના ખર્ચના રૂા. ૧,૦૦,૦૦૦/– અપાવવા પ્રતિવાદીઓના લાભમાં તથા વાદી બેન્ક વિરૂધ્ધ ન્યાયનાં હીતમાં કરવા અરજ છે.

૩) ઉપરોકત હકીકત આધારે દાવાના નિર્ણય માટે આંક–૧૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલાં છે.

–// <u>ISSUE</u> //–

(૧) શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદીએ વાદી બેન્કમાંથી તારીખ : ૧૫/૧૦/૨૦૧૫ ના રોજ રૂા.૪,૮૦,૦૦૦/૦૦ ની પાક ધિરાણ અંગેની લોન લીધેલ અને પ્રતિવાદીએ વાદી બેન્કની તરફેણમાં લોન દસ્તાવેજ, હાઈપોથીકેશન ડીડ, લેટર ઓફ એરેજમેન્ટ વિગેરે કરી આપેલ છે. ?

(૨) શું વાદી સાબીત કરે છે કે તેઓની પ્રતિવાદી પાસેથી વ્યાજ સાથે પાક ધિરાણની લોનની રકમ પેટે રૂા. ૯,૬૯,૦૦૦/૦૦ ની લેણી રકમ બાકી નીકળે છે.?

(૩) શું પ્રતિવાદી સાબીત કરે છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાદ નડે છે. ?

(૪) શું પ્રતિવાદી સાબીત કરે છે કે, તેઓ દાવાવાળી લોન ભરપાઈ કરવા જવાબદાર નથી. ?

(૫) શું વાદી લેણી રકમ પર વ્યાજ મેળવવા હકકદાર છે. ? જો હા તો કેટલા ટકાના દરે. ?

(૬) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે. ?

(૭) શું હુકમ અને હુકમનામું. ?

૪) ઉપરોકત મુદ્દાઓ માટેના નિર્ણયો નીચે પ્રમાણે છે.

–:: <u>નિ ર્ણ યો</u> ::–

(૧) હ કા ર માં,
(૨) અંશત : હ કા ર માં, ૬% ના દરે.
(૩) નકારમાં,
(૪) નકારમાં,
(૫) હકારમાં,
(૬) હકારમાં,
(૭) આખરી હુકમ મુજબ.

૫) વાદીઓ તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

અ.નં.	આંક	**મૌખિક પુરાવો**
૧	૧૮	વાદી તરફે રમેશકુમાર બંસીરામનું સરતપાસ અંગેનું સોગંદનામુ
૨	૩૮	વાદી તરફે મનોજભાઈ પરસોતમભાઈનું સરતપાસ અંગેનું સોગંદનામુ

અ.નં.	આંક	**દસ્તાવેજી પુરાવો**
૧	૨૦	લોન ધીરાણ માટેનું અરજીપત્રક
૨	૨૧	ગામ નમુના નં.–૮–અ
૩	૨૨	ગામ નમુનો નં. ૭ (કુલ–૪)
૪	૨૩	વ્યવસ્થા પત્ર

૫	૨૪	સાનગીરોનો કરાર
૬	૨૫	મિલ્કત તારણનું પરિશિષ્ટ–એ
૭	૨૬	ખાતાનો ઉતારો
૮	૨૭	રજી. એડી.નોટીસ
૯	૨૮	એકનોલોજમેન્ટ

૫) પ્રતિવાદીઓ તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

અ.નં.	આંક	**મૌખિક પુરાવો**
૧	૪૨	પ્રતિવાદી તરફે બાબુભાઈ છેલાભાઈનું સરતપાસ અંગેનું સોગંદનામુ

૬) વાદી તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આંક–૪૦ થી પુરાવા બંધની કલોઝીંગ પુરસીસ રજુ કરતા વાદીનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ આંક–૪૮ થી પુરાવા બંધની કલોઝીંગ પુરસીસ રજુ કરતા વાદીનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

<u>–:: કા ર ણો ::–</u>

<u>મુદ્દા નંબર ૧</u>:–

૭) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોઈ ચર્ચામાં સરળતા૭ ખાતર તથા પુનરોકિતદોષ ટાળવા તેની એકસાથે ચર્ચા કરવામાં આવેલ છે. વાદી તરફે તેમના દાવાના સમર્થનમાં આંક – ૧૮ થી રમેશકુમાર બંસીરામ તથા આંક–૩૮ થી મનોજભાઈ પરસોતમભાઈ સોલંકીએ પોતાનું સોગંદનામુ રજુ કરેલ છે. તેઓ દાવા અરજીની હકીકત મુજબ પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે. આંક–૨૦ થી રજૂ ધિરાણ માટેનુ અરજી પત્રક બતાવવામાં આવે છે.તે જોઈને જણાવે છે કે આ

ધિરાણ છેલાભાઈએ અમારી બેંકની શાખામાંથી મેળવેલ છે. તેનુ છે. આ ફોર્મમાં પાના નં. ૨ ના પાછળના ભાગે અરજદારના નામની નીચે અગુંઠાનું નિશાન છે. એ વાત ખરી છે કે આ અગુંઠો કોનો છે. તે દર્શાવેલનથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમના અગુંઠાનુ નિશાન ઓળખ ગુજ. છેલાભાઈ જેરામભાઈના દિકરા બાબુભાઈએ આપેલ છે. જે અંગેનું પત્રક આંક–૨૩ થી રજૂ લ ેટર ઓફ એરજમેન્ટની સાથેના દસ્તાવેજોમાં અલગ ફોર્મથી તેઓને તેઓ સમજી શકે તેવી ગુજરાતી ભાષાંમાં આ ધિરાણ અંગેની સમજણ આપ્યા અંગેનું પ્રમાણપત્ર તેમના બાબુભાઈએ સહી કરીને આપ્યુ છેં એ વાત ખરી છે કે આ ધિરાણના તમા દસ્તાવેજોમાં ધિરાણ લેનારના અગુંઠાનું નીશાન છે તે આંક–૨૫ થી રજૂ પરીશિષ્ઠ એ માં સાક્ષી ચંદુભાઈની હાજરીમાં અગુંઠાનું નિશાન છેલાભાઈ જેરામભાઈનું હોવાનું દર્શાવેલ છે. તે સીવાય છેલાભાઈ જેરામભાઈના અગુંઠાનું નિશાન અન્ય ફોર્મમાં બાંધેલ નથી. એ વાત ખરી છે કે આ કેસમાં ગુજ. છેલાભાઈ જેરામભાઈની કોઈ ખેડુત પોથી રજૂ કરવામાં આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓના નામના ૭/૧૨ તથા ૮–અ ના ઉતારા કોમ્પ્યુટરાઈઝડ કોપી આંક –૨૧ થી તથા ૨૨ થી રજૂ છે. એ વાત ખરી નથી કે ધિરાણની રકમ કેટલી સમય મર્યાદામાં પરત ચુકવવાની છે તે બાબતનો ઉલ્લેખ ધિરાણના દસ્તાવેજમાં દર્શાવેલ નથી.

૮) પ્રતિવાદી તરફે પ્રતિવાદી નં. ૨ બાબુભાઈ છેલાભાઈ ઓળકીયાએ તેમના દાવાના સમર્થનમાં આંક–૪૨ થી પોતાનું સોગંદનામુ રજુ કરેલ છે. તેઓ વાંધા જવાબની હકીકત મુજબ પોતાનું સોગંદનામું રજૂ કરેલ છે. ગુજ. છેલાભાઈ જેલાભાઈ પ્રતિવાદીના પિતાશ્રી થાય છે. શાંતુબેન છેલાભાઈ પ્રતિવાદીના માતા શ્રી થાય છે પ્રભુભાઈ છેલાભાઈ પ્રતિ.ના ભાઈ થાય છે. પ્રતિ.ના પિતાજીએ તા.૧૫–૧–૨૦૧૫ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા–દેવળીયા શાખામાંથી કોઈ લોન લીધેલ નથી.

એ વાત ખરી છે કે લખતર તાલુકાના અણીયાળી ગામમાં પ્રતિ.ની ખેતીની જમીન છે. આ જમીન પ્રતિ.ના પિતાજીના નામે આવેલ છે. એ વાતની મને ખબર નથી કે આ જમીન હાલમાં કોના નામે ચાલે છે. મને એ જમીનના કોઈ દસ્તાવેજો બતાવવામાં આવે તો પ્રતિ.ને કાઈ ખબર પડતી નથી કેમ કે પ્રતિ.ને વાંચતા લખતા આવડતુ નથી. માત્ર સહી કરતા આવડે છે. એ વાત ખરી છે કે, આ જમીન શાંતુબને છેલાભાઈ, બાબુભાઈ છેલાભાઈ, મધુબેન છેલાભાઈ, સુરજબેન છેલાભાઈ, જયાબેન છેલાભાઈ, પ્રભુભાઈ છેલાભાઈના નામે આવેલ છે. એ વાતની ખબર નથી કે નોંધ નં. ૨૩૬૬ થી આ જમીન સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા દેવળીયા શાખાના તારણમાં છે. હું કોર્ટમાં આ કેસમાં આવુ છે તે અમારી જમીન બેન્કના તારણમાં છે તેથી આવુ છુ તેની મન ખબર છે મને આંક–૨૪ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જે બેન્કના દસ્તાવેજ છે તેમાં મારા પિતાજીના અગુંઠાનુ નિશાન છે. તેમાં મે સહી કરી પ્રતિ.ના પિતાજીનું અગુંઠાનું નિશાન ઓળખી બતાવેલ છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને માત્ર સહી કરતા આવડે છે. તે સિવાય લખતા વંચતા આવડતું નથી. એ હું કહી શકું નહી કે આંક–૨૫ થી જમીન બેંકના તારણમાં મુકેલ છે. ચંદુભાઈ ગટુભાઈને હું ઓળખુ છું. તે મારા ગામના છે અને તેમની હાજરીમાં આંક–૨૫ વાળા બેન્કના દસ્તાવેજમાં મારા પિતાજીએ અગુંઠો ઓળખાવેલ છે. એ વાત ખરી નથી કે, મારા પિતાજીએ લોન લીધેલ તેની બાકી રકમ મારે ચૂકવી ન પડે એટલે હું ખોટી જુબાની આપુ છું એ વાત ખરી છે કે મારા પિતાજીએ બેન્કમાં લોન લેતી વખતે આંક–૨૦ થી આંક–૨૫ વાળા બેન્કના દસ્તાવેજમાં તેમની અંગુઠાનું નીશાન કરી આપેલ છે.

૯) આ કામના ગુજરનાર પ્રતિવાદીઓ વાદી બેંકની દેવળીયા શાખામાં કાર્યક્ષેત્રમાં આવતા હોવાથી વાદી બેંકના વખતો વખતના નીતી નીયમો મુજબ પ્રતિવાદીઓએ વાદી બેંક પાસેથી તારીખ : ૧–૧–૧૫ ના રોજ પોતાની ખેતીની

જમીન/મિલ્કત બેંકના તારણમા આપી ધીરાણ મેળવેલ છે. જે બોજો ૧૨ વર્ષ સુધી અમલમાં રહે છે. પ્રતિવાદીએ આ મિલ્કત તારણ કન્ટીન્યુ રાખી ખેતી વિષયક (કે.સી.સી.) પાક ધીરાણની માંગણી કરતા વાદી બેન્ક તરફથી આ કામના પ્રતિવાદીને છેલ્લે ધીરાણ રકમ રૂા. ૪,૮૦,૦૦૦/– નું તારીખ : ૧૫/૧/૨૦૧૫ ના રોજ ૧૨% વ્યાજે આપવામાં આવે છે. આ કામના પ્રતિવાદીને ધીરાણની વ્યાજ સહીતની રકમ સમય મર્યાદામાં પરત ચુકવવાની શરતે આપવામાં આવેલ છે. ધીરાણ લેતા સમયે પ્રતિવાદીઓએ બેંકની તરફેણમાં દસ્તાવેજો અને આનુસાંગીક કરારો વીગેરે જેવા કે, હાઈપોથીકેશન ડીડ, વ્યવસ્થાપત્રક કરી આપી તેઓની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન વાદી બેંક જોગ તારણ કરી આપેલ છે. પ્રતિવાદીએ લીધેલ લોનનો ખાતા નંબર–૩૦૨૫૩૭૮૪૪૭૦ છે. બેંક તરફથી પ્રતિવાદીનું લોન ખાતું કોમ્પ્યુટર એકાઉન્ટમાં નિભાવવામાં આવે છે. આ કામના વાદી બેન્ક પાસેથી આ કામના પ્રતિવાદીએ ઉપાડેલ લોનની રકમ વ્યાજ સાથે વાદી બેન્કને સમય મર્યાદામાં પરત ભરપાઈ કરવાની હતી, પરંતુ આ કામના પ્રતિ. એ સદર લોનની વ્યાજ સહીતની રકમ ભરપાઈ કરેલ નથી અને બેંકની બાકી રકમ ચુકવવામાં તેઓ નીષ્ફળ ગયેલ છે. ધીરાણ લેતા સમયે પ્રતિવાદીએ બેન્કની તરફેણમાં હાઈપોથીકેશન કરાર કરી આપી પોતાની સુ.નગર જીલ્લાના લખતર તાલુકાના અણીયાળી ગામે આવેલ ખેતીની જમીન સર્વે નં. ૧૪૭, ૨૦, ૩૪૬,૪૯ કુલ ક્ષેત્રફળ હેકટર (૭–૦૫–૯૨) વાળી મિલ્કત બેંક પાસે તારણમાં મુકી બેંકનો બોજો નોંધાવેલ છે. વાદી બેન્કના તા. ૩૧–૧૨–૨૦૧૮ સુધીની વ્યાજ સહીતની પાક ધીરાણની રકમ રૂા. ૯,૬૯,૦૦૦/– આ કામના પ્રતિવાદી પાસે બાકી લેણી છે. તેમજ તારીખ : ૦૧–૦૧–૨૦૧૯ થી વ્યાજની રકમ પણ બાકી છે. વાદી બેંક તરફથી આ કામના પ્રતિવાદીને બાકી લેણી રકમ ભરપાઈ કરી આપવા માટે અવાર–નવાર મૌખિક તેમજ લેખીતમાં જાણ કરવામાં આવેલ છે. વધુમાં

ગુજરનાર છેલાભાઈ જેરામભાઈના વારસદાર એટલે કે હાલના પ્રતિવાદી નં. ૨ બાબુભાઈ છેલાભાઈ ઓળકીયાનાઓએ ઉ.ત દરમ્યાન સ્પષ્ટપણે કબુલે છે કે, બેંક લોનના ફોર્મમાં તેમના પીતાજીના અગુંઠનું નિશાન છે. આંક – ૨૪ થી રજૂ બેંકના લોન અંગેના દસ્તાવેજો વંચાણે લેતા પ્રતિવાદી નં. ૨ બાબુભાઈ છેલાભાઈ ઓળકીયાનાઓએ બેંકના તમામ દસ્તાવેજો તેઓના પિતાજી છેલાભાઈ જેરામભાઈના અગુંઠાનું નિશાન ઓળખી બતાવે છે અને બેંકના તમામ દસ્તાવેજોની સમજણ પણ મેળવેલ છે તે બાબતે પોતાની સહી પણ કરી આપેલ છે, તેમ છતાં પ્રતિવાદી બેન્કની લેણી રકમ વસુલ આપતા નહી હોવાથી બેન્ક તેમની પાસેથી કરાર અને કાયદા મુબ ચડત ચક્રવૃધ્ધિ વ્યાજ તથા દંડનીય વ્યાજ લેવા હકકદાર થયેલ છે. જેથી આવી રકમ વસુલ મેળવવા માટે આ દાવો કરવાની બેન્કને ફરજ પડેલ છે. આ કામના ગુજરનાર પ્રતિવાદી તરફથી વાદી બેંક પાસેથી લોન લેતા સમયે જરૂરી તેવા તમામ દસ્તાવેજો બેંકની તરફેણમાં પોતાની ખેતીની જમીન તથા પાક બેંકની તરફેણમાં સાનગીરો કરાર કરી બેંક પાસે તારણમાં મુકી તેના પર બેંકનો બોજો નોંધાવેલ છે. બાદ પ્રતિવાદીનું લોન ખાતુ એન.પી.એ. થયેલ છે. આ કામના પ્રતિવાદીને તેઓનું લોન ખાતુ પહેલેથી જ અનીયમીત હોય જાણ કરવા છતાં આજદીન સુધી આ કામના પ્રતિવાદીએ બેન્કની બાકી રકમ વસુલ આપેલ નથી જેથી પ્રતિવાદી પાસેથી વાદી બેંકની કાયદેસરની બાકી રકમ વસુલ મેળવવા સારું હાલનો દાવો લાવેલ છે. પ્રતિવાદીઓએ વાદી બેંક પાસેથી કે.સી.સી.ધીરાણનું અરજીપત્રક જે આંક–૨૦ થી રજૂ છે. જેમાં બાબુભાઈ છેલાભાઈનું કુટુંબના સભ્ય તરીકે નામ દર્શાવેલ છે અને અરજદારનો અગુંઠો મારેલ છે. વાદી બેંકે ગામ નમુના નં. ૮–અ જે આંક–૨૧ થી રજૂ છે. આ કામે ગામ નમુના નં. ૭ (કુલ–૪) જે આંક–૨૨ થી રજૂ કરેલ છે. આ કામે વ્યસ્થાપત્ર આંક–૨૩ થી રજૂ કરેલ છે. તેમજ સાનગીરોનો કરાર આંક–૨૪ થી રજૂ કરેલ છે. જે હાઈપોથીકેશન એરેંજમેન્ટમાં

અરજદારે તેઓની ખેતીનો બોજો નોંધાવેલ છે તેમાં અસલ દસ્તાવેજોમાં બાબુભાઈ છેલાભાઈની સહીઓ તેમજ અગુંઠાનુ નીશાન જણાય આવે છે. તે ન માનવાને કોઈ કારણ રહેતુ નથી આંક–૨૫ થી મિલ્કત તારણનું પરિશિષ્ટ – એ આંક–૨૫ થી રજૂ કરેલ છે. જે જોતા જણાય આવે છે કે આ કામના પ્રતિવાદીના પિતા છેલાભાઈ જેરામભાઈનું અગુંઠાનું નીશાન તમામ દસ્તાવેજો ઉપર છે અને તેમાં સાક્ષી તરીકે ચંદુ ગટુર તે જણાય આવે છે. અને બેંક મેનેજરનો સહી તથા સીકકો જણાય આવે છે તથા સબ રજીસ્ટ્રાર કચેરી લખતરનો સહી તથા સીકકો જણાય આવે છે. તે ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. આંક–૨૬ થી ખાતાનો ઉતારો રજૂ કરેલ છે. તેમાં કુલ રકમ ૯,૬૯,૦૦૦/– આ રકમ પ્રતિવાદીને ભરવાની નીકળે છે. તેમજ આંક–૨૭ થી રજી. એડી. નોટીસ રજૂ કરેલ છે. આંક–૨૮ થી પોસ્ટલ ખાતાની એકનોલોજમેન્ટ રજૂ કરેલ છે. તેમજ તેમાં આ કામના પ્રતિવાદીની સહી ઓળખી બતાવેલ છે. જે અરજી અનુસંધાને વાદી બેંક દ્વારા રૂા. ૪,૮૦,૦૦૦/– ની લોન વાર્ષિક સેંકડે ૧૨% ના ચડતા વ્યાજે લોન આપવામાં આવેલ.

૧૦) આ કામના પ્રતિવાદીને ધીરાણની વ્યાજ સહીતની રકમ સમય મર્યાદામાં પરત ચુકવવાની શરતે ધીરાણ આપવામાં આવેલ હતુ. ધીરાણ લેતા સમયે પ્રતિ. એ બેંકની તરફેણમાં હાઈપોથીકેશન કરાર કરી આપેલ છે. તેમજ લોન કરાર તેમજ બેંક નિયમ મુજબના અન્ય જરૂરી દસ્તાવેજો પણ પ્રતિવાદીએ વાદી બેંક જોગ કરી આપેલ છે. બેંકની તરફેણમાં તથા તેઓના માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન વાદી બેંક જોગ કરી આપેલ છે. આમ પ્રતિવાદીઓ તરફે વાદી બેંકનું લેણું સ્વીકાર કરેલ છે. આ કામે વાદી બેંક પાસેથી લોન પ્રતિ. ઓએ લીધેલ હોય તેમ છતાં સમય મર્યાદામાં પરત કરેલ નથી. વધુમા આ કામે વાદી બેંક દ્વારા આ કામના પ્રતિવાદીઓને બાકીની રકમ ભરી જવા માટે જણાવેલ છે. તેમ છતાં પ્રતિ.ઓ તરફે બાકી લોનની કોઈ નાણાં ચુકવેલ

નથી. આમ આ કામે વાદી બેંક તરફે પ્રતિવાદીઓને અવાર નવાર નોટીસ આપી બેંકની લોન ધીરાણની રકમ ભરી જવા માટે કહેલ તે ફલીત થાય છે તેમ છતાં આ કામના પ્રતિ. ઓએ વાદી બેંકને કોઈ પાક ધીરાણ લોનના નાણાં ચુકવી આપેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી. વધુમા આ કામના પ્રતીવાદીઓએ વાદી બેંક પાસેથી જે પાક ધીરાણ મેળવેલ છે તેના બદલામાં તેમની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની સુ.નગર જીલ્લાના લખતર તાલુકાના અણીયાળી ગામે આવેલ ખેતીની જમીન સર્વે નં. ૧૪૭, ૨૦, ૩૪૬,૪૯ કુલ ક્ષેત્રફળ હેકટર (૭–૦૫–૯૨) વાળી મિલ્કત બેંક પાસે તારણમાં મુકી બેંકનો બોજો નોંધાવેલ છે. જે અંગેની ગામ દફતરે નોંધ દાખલ થઈ ધોરણસર રીતે મંજુર થયેલ છે દસ્તાવેજોને જોતા જણાઈ આવે છે. વધુમાં સદર કામે રેકર્ડ પરથી એક બાબત ફલીત થાય છે કે આ કામના વાદી બેંકે પ્રતિવાદીઓ પાસે અવાર –નવાર લોનની ચુકવણી કરવા અંગે લેખીતમાં માંગણી કરેલ છે તેમ છતાં પ્રતિવાદી તરફે કોઈ નાણાંની ચુકવણી કરવામાં આવેલ નથી તથા તારીખ : ૩૧/૧૨/૨૦૨૧૯ સુધી વ્યાજ સહીત ધીરાણની કુલ રકમ રૂા. ૯,૬૯,૦૦૦ /– (અંકે રૂપિયા નવ લાખ ઓગણસીતેર હજાર પુરા) બાકી હોવાનું આંક – ૨૬ ના પ્રતિવાદીઓના ખાતાના ઉતારાને જોતા જણાઈ આવે છે.

૧૧) આમ, ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓ તથા વાદીના જુબાનીને ઘ્યાને લેતા વાદીએ તમામ દસ્તાવેજો તેમની કસ્ટડીમાંથી રજુ કરેલ છે તેમજ તમામ દસ્તાવેજો અસલ હોય તેમજ વાદીએ તેને યોગ્ય રીતે પુરવાર કરેલ છે જેથી સદર દસ્તાવેજો નહીં માનવાને કોઈ કારણ નથી. વધુમાં આ કામના પ્રતિવાદીઓને પ્રોસેસની ધોરણસરની બજવણી થઈ ગયેલ છે તેમ છતાં પ્રતિવાદી જાતે કે વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને વાદી બેંકે યોગ્ય અને પુરતી તક આપવા છતાં વાદીના દાવાની રકમ ભરી આપેલ નથી.

૧૨) હવે આ તબકકે એ હકીકત નોંધવી આવશ્યક છે કે આ કામે પ્રતિ.ને દાવાના કામે પ્રોસેસની બજવણી થતા તેઓ હાજર થઈ તેઓ જણાવેલ છે કે તેઓના પિતાજીએ કોઈ લોન લીધેલ નથી અને વાંધા જવાબ રજૂ કેરલ છે. આમ દાવા અરજીમાં જે દરેક હકીકત લખી હોય તે પ્રતિવાદીના પ્લીડીંગ્સમાં ખાસ જણાવીને અથવા આવશ્યક ગર્ભિતતાથી નાકબુલ કરી ન હોય, અથવા કબુલ કરવામાં આવી નથી એમ જણાવવામાં ન આવ્યુ હોય તો તે અક્ષમતાવાળી વ્યકિતના સબંધમાં હોય તે સિવાયની પ્રસંગે અંગીકાર કરવામાં આવી છે તેમ ગણી લેવામાં આવશે. આ સંદર્ભમાં રેકર્ડને ઘ્યાને લેતા આ કામના વાદી પાસેથી પ્રતિ. ઘ્વારા બેક પાસેથી અરજી કરેલ માંગણી કરેલ. પ્રતિ.ઓએ તેઓની ખેતીની જમીન પર બેંકનો બોજો નોંધાવેલ છે. વાદી બેંક તરફથી પ્રતિ.ઓને રકમ રૂા. ૪,૮૦,૦૦૦/– સુધીની લીમીટ નકકી કરી તા.૧૫/૦૧/૧૫ ના રોજ ૧૨ % વ્યાજે ધીરાણની વ્યાજ સહીતની રકમ સમયમ ર્યાદામાં પરત ચુકવવાની શરતે આપવામાં આવેલ છે. ધીરાણ લેતા સમયે પ્રતિ.ઓએ બેંકની તરફેણમાં દસ્તાવેજો અને આનુસાંગીક કરારો વીગેરે જેવા કે, હાઈપોથીકેશન ડીડ, વ્યવસ્થાપત્રક કરી આપી તેઓની માલીકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન વાદી બેંક જોગ બોજો નોંધાવી ચાર્જ ઉભો કરેલ છે. આ તમામ દસ્તાવેજોનું ગુજરાતીમાં ભાષંતર પ્રતિવાદીઓને સમજાવવામાં આવેલ છે, ત્યારબાદ પ્રતિવાદી એ તથા તેઓના દીકરા બાબુભાઈ છેલાભાઈ સહી કરી આપેલ છે. પ્રતિ. ઓએ લીધેલ લોનનો ખાતા નંબર–૩૦૨૫૩૭૮૪૪૭૦ છે. બેંક તરફથી પ્રતિ. ઓનું લોન ખાતું કોમ્પ્યુટર એકાઉન્ટમાં નીભાવવામાં આવે છે. તેમજ વાદી બેન્ક ઘ્વારા ધારા ધોરણ મુજબ ખાતા નંબર ફાળવામાં આવેલ છે. તેમજ આ કામના પ્રતિ.ઓ ઘ્વારા પાક ધિરાણની લોન અંગે જરુરી પેપર્સ પર અંગુઠા કરી આપવામાં આવેલ છે. તેની સામે આ કામના પ્રતિવાદીઓએ જે કોઈ વાંધા જવાબ રજૂ કરેલ

છે અને વાદીના દાવાનો ઈન્કાર પણ કરેલ છે. આ સંજોગોમાં વાદીના દાવાને નહીં માનવા માટે કોઈ કારણ નથી. આ સંજોગોમાં વાદીએ પ્રતિવાદી બેંકમાંથી પાક ધિરાણની લોન ધારાધોરણ મુજબ લીધેલ હોવાનું મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં વાદી સફળ રહેલ છે. આ સંજોગોમાં આ કામના વાદી પાસેથી પ્રતિ.ઓએ પાક ધિરાણ લોન લીધેલ હોવાનું તથા તા. ૩૧–૧૨–૧૯ સુધી વ્યાજ સહીત ધીરાણની કુલ રકમ રૂા. ૯,૬૯,૦૦૦ /– (અંકે રૂપિયા નવ લાખ ઓગણસીતેર હજાર પુરા) બાકી લેણાં નીકળતા હોવાનું જણાઈ આવે છે. તેમજ આ અંગે વાદી તરફે પ્રતિવાદીને રકમની ચુકવણી કરવા માટે મૌખિક તથા આર.પી.એડી.થી કાયદેસરની નોટીસ આપીને જાણ કરેલ હોવા તેમજ સદર નોટીસની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદીએ તેનો કોઈ અમલ કરેલ હોવાનું જણાઈ આવતુ નથી. આ સંજોગોમાં આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકને લેણી થયેલ રકમ તારીખ : ૩૧/૧૨/૨૦૧૯ સુધી વ્યાજ સહીત ધીરાણની કુલ રકમ રૂા. ૯,૬૯,૦૦૦ /– (અંકે રૂપિયા નવ લાખ ઓગણસીતેર હજાર પુરા) ચુકવવા માટે જવાબદાર બને છે. આ સંજોગોમાં મુદૃા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

૧૩) વાદી તરફે આંક–૧૮ ની સરતપાસના સોગંદનામાને ધ્યાને લેતા આ કામના પ્રતિવાદીઓએ બાકીના બેન્ક નાણાં જમા કરાવેલ ન હોવાથી તથા નોટીસનો કોઈ અમલ નહી કરતા લોનની રકમ રૂા. ૪,૮૦,૦૦૦/– તથા વ્યાજ, દંડનીય વ્યાજ મળીને કુલ રકમ રૂા. ૯,૬૯,૦૦૦ /– (અંકે રૂપિયા નવ લાખ ઓગણસીતેર હજાર પુરા) ત્યારબાદથી સદર ધિરાણ પર ૧૨% ના દરે વ્યાજ તથા ૨%ના દંડનીય વ્યાજ ઉમેરતા ચઢયે ચઢી તમામ રકમ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા માટે રજુઆત કરેલ છે. હવે આ તબકકે દીવાની કાર્યરીતી સંહિતાની કલમ – ૩૪ ધ્યાને લેવી જરુરી છે જેમાં જણાવવામાં આવેલ છે કે, જયારે અને જેટલે સુધી

હુકમનામુ નાણાં આપવા માટેનું હોય ત્યારે અને તેટલે સુધી ન્યાયાલયને જે મુદલ રકમ ફેંસલાથી નકકી થઈ હોય તેના ઉપર દાવો માંડયા પહેલાની કોઈ મુદતનું વ્યાજ નકકી થયુ હોય તે વ્યાજ ઉપરાંત દાવાની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનુ પોતાને વ્યાજબી લાગે તે દરે વ્યાજ અને તેની સાથે આવી મુદ્દલ રકમ પર હુકમનામાની તારીખથી ચુકવણી તારીખ સુધીનું અથવા તેનાથી પહેલાની તારીખ સુધીનું અથવા તેનાથી પહેલાની તારીખ સુધીનું પોતાને વ્યાજબી લાગે તેટલું વાર્ષિક ૬% કરતા વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો ન્યાયાલય હુકમનામામાં હુકમ કરી શકાશે. Sec. 34 of C.P.C interest is Discretionary power vested with the court,and can order at such rate as the court deems reasonable to be paid on the principle sum adjudged from the date of the institution of the suit till the date of Decree, and in addition with further interest at such rate not exceeding 6% (If there is no commercial transaction) from the date of decree till the date of payment. આમ હાથ પરના દાવાની હકીકતોને ધ્યાને લેતા તેમજ રેકર્ડ ને ધ્યાને લેતા આ કામે વાદીને વાર્ષિક ૬% લેખે વ્યાજ ચુકવવાનો હુકમ ન્યાયોચિત જણાઈ આવે છે. આ સંજોગોમાં મુદ્દા નં.૨ નો નિર્ણય અંશત : હકારમાં ઠરાવવામાં આવે છે.

૧૪) આમ, વાદી તરફે તેમની દાવા અરજીના સમર્થનમાં રજુ કરેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા તેમજ ઉપરોકત કરવામાં આવેલ ચર્ચાને ધ્યાને લેતા વાદી બેંક આ કામના પ્રતિવાદીઓ પાસેથી દાવાની બાકી નીકળતી તારીખ : ૩૧/૧૨/૨૦૧૯ સુધી વ્યાજ સહીત ધીરાણની કુલ રકમ રૂા. ૯ ,૬૯,૦૦૦ /– (અંકે રૂપિયા નવ લાખ ઓગણસીતેર હજાર પુરા) તથા સદર ધિરાણ પર વાર્ષિક ૬ % ટકાના દરે વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર હોવાનું

પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ મુદ્દા નં.૩ અને ૪ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૫ અને ૬ નો હકારમાં ઠરાવી મુદા નં. ૭ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

- વાદીનો દાવો અંશત: મંજૂર કરવામાં આવે છે.
- આથી આ કામના પ્રતિવાદીઓએ આ કામના વાદી સ્ટેટ બેંક ઓફ

ઈન્ડીયાને દાવા અરજીમાં જણાવેલ તા. ૩૧/૧૨/૨૦૧૯ સુધી વ્યાજ સહીત ધીરાણની કુલ રકમ રૂા.૯,૬૯,૦૦૦/- (અંકે રૂપિયા નવ લાખ ઓગણસીતેર હજાર પુરા) દાવા તારીખથી રકમ વસુલ થતા સુધી ૬% ટકાના વાર્ષીક વ્યાજ સાથે ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- ખર્ચ અગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- હુકમ મુજબનું હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૦૫ માહે જૂન સને ૨૦૨૩ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ::-૦૫/૦૬/૨૦૨૩
સ્થળ ::-સુરેન્દ્રનગર.

(ધવલકુમાર રમેશચંદ્ર વ્યાસ.)
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ,
સુરેન્દ્રનગર.
કોડ નંબર-જીજે-૦૦૭૬૭